Upload National Evening News 30-09-2024 at 7.50-8.00pm-1

# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 30-09-2024 EVENING : 7.50 to 8.00

Day : Monday National News

## આકાશવાણી સમાચાર **અનિલ પટેલ** વાંચે છે.

***************************************************

1) આંગણવાડી કેન્દ્રોનાં તમામ કર્મચારીઓને હવેથી આયુષ્યમાન ભારત યોજના હેઠળ આવરી લેવાની કેન્દ્રિય મહિલા અને બાળવિકાસ મંત્રી અન્નપુર્ણા દેવીની જાહેરાત
2) રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ જણાવ્યું કે આયુષ્યમાન ભારત યોજનાને કારણે મહિલાઓ માટે આરોગ્ય સુવિધાઓ વધુ સુગમ બની
3) જમ્મુ કાશ્મીર વિધાનસભાની ચૂંટણીનાં ત્રીજા અને અંતિમ તબક્કાનું મતદાન આવતી કાલે યોજાશે
4) **ભારતીય ટેલિકોમ નિયમનકારી સત્તામંડળ- TRAIએ ખાનગી રેડિયો પ્રસારકો માટેની ડિજિટલ રેડિયો પ્રસારણ નીતિ અંગે હિતધારકો પાસેથી સૂચનો મંગાવ્યા**
5) સુપ્રસિધ્ધ અભિનેતા મિથુન ચક્રવર્તીની દાદા સાહેબ ફાળકે પુરસ્કાર માટે પસંદગી કરાઈ
6) ભારત સામેની ટેસ્ટની બીજી ઇનિંગમાં બાંગલાદેશે રમતના અંતે બે વિકેટે 26 રન બનાવ્યાઃ વિરાટ કોહલીએ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં 27 હજાર રન પૂર્ણ કર્યા

***************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**JHARKHAND-POSHAN**

કેન્દ્ર સરકારે આંગણવાડી કેન્દ્રોના બધા જ કર્મચારીઓને આયુષ્યમાન ભારત યોજના હેઠળ આવરી લેવાનો નિર્ણય લીધો છે. કેન્દ્રિય મહિલા અને બાળવિકાસ મંત્રી અન્નપુર્ણા દેવીએ આજે રાંચીમાં રાષ્ટ્રવ્યાપી રાષ્ટ્રીય પોષણ માહના સમાપન સમારંભમાં આ મુજબ જણાવ્યું હતું.

તેમણે કહ્યું કે, વિકસિત ભારતનું લક્ષ્ય તંદુરસ્ત અને અધિકારસંપન્ન મહિલાઓ અને બાળકો થકી શક્ય છે. આ પ્રસંગે કેન્દ્રિય મંત્રી અન્નપૂર્ણા દેવી અને ઝારખંડના રાજયપાલ સંતોષકુમાર ગંગવારે સમગ્ર દેશમાં 11 હજાર સક્ષમ આંગણવાડી કેન્દ્રોનો વિડિયો કોન્ફરન્સીંગ માધ્યમથી આરંભ કરાવ્યો હતો.

કેન્દ્રિયમંત્રીએ જણાવ્યું કે, પોષણમાહની ઉજવણી દરમિયાન, ટેકનોલોજી આધારીત શિક્ષણની સાથે સાથે કુપોષણ દૂર કરવા પોષણક્ષમ આહાર આપવાની બાબતને કેન્દ્રમાં રાખવામાં આવ્યા હતા. તેમણે વધુમાં જણાવ્યું કે, કેન્દ્ર સરકારે મહિલા અને બાળવિકાસની વિવિધ યોજનાઓ માટે આ વખતના બજેટમાં 3 લાખ કરોડ રૂપિયા ફાળવ્યા છે.

## PRESIDENT - CONVOCATION

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ કહ્યું છે કે કેન્દ્ર સરકાર દેશમાં આરોગ્ય સુવિધાઓના વિસ્તરણ માટે સતત પ્રયાસો કરી રહી છે. તેમણે કહ્યું કે, આયુષ્માન ભારત-પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજનાના અમલીકરણને કારણે મહિલાઓ માટે આરોગ્ય સુવિધાઓ વધુ સુગમ બની છે. રાષ્ટ્રપતિ આજે નવી દિલ્હીમાં ભારત મંડપમ ખાતે આયોજિત અટલ બિહારી વાજપેયી ઇન્સ્ટિટ્યૂટ ઑફ મેડિકલ સાયન્સ ડૉ. રામ મનોહર લોહિયા હોસ્પિટલના 10મા દીક્ષાંત સમારોહને સંબોધિત કરી રહ્યા હતા.

મજબૂત આરોગ્યસંભાળ પ્રણાલીના નિર્માણ માટે છેલ્લા દસ વર્ષમાં સરકાર દ્વારા કરવામાં આવેલા કાર્યો પર પ્રકાશ પાડતા સુશ્રી મુર્મુએ જણાવ્યું હતું કે, મેડિકલ કોલેજોની સંખ્યામાં ઝડપથી વધારો થયો છે અને MBBS તથા PG બેઠકોની

સંખ્યા પણ બમણી થઈ છે. તેમણે કહ્યું કે, મોટા ભાગની નવી AIIMSમાં MBBS કોર્સ શરૂ થઈ ગયા છે..

તબીબો સાથે દુર્વ્યવહારની ઘટના તરફ ધ્યાન દોરતા રાષ્ટ્રપતિએ કહ્યું કે, ડોકટરો દર્દીઓના જીવન બચાવવા માટે તમામ પ્રયાસો કરે છે ત્યારે  તબીબો અને હોસ્પિટલના સ્ટાફ સાથે ગેરવર્તન ટીકાપાત્ર છે. તેમણે તબીબો અને હોસ્પિટલના સ્ટાફ સાથે ગેરવર્તન ન કરવા લોકોને અપીલ કરી હતી.

## CRUISE BHARAT MISSION

કેન્દ્રીય બંદર, શિપિંગ અને જળમાર્ગ મંત્રી સર્વાનંદ સોનોવાલે આજે મુંબઈ બંદરેથી ‘ક્રુઝ ભારત મિશન’ની શરૂઆત કરી. કેન્દ્રીય રાજ્ય મંત્રી શાંતનુ ઠાકુર પણ આ પ્રસંગે હાજર રહ્યા હતા. ક્રૂઝ ભારત મિશનનો ઉદ્દેશ્ય ક્રૂઝ ટુરિઝમ માટે વૈશ્વિક કેન્દ્ર બનવા અને દેશને અગ્રણી વૈશ્વિક ક્રૂઝ ડેસ્ટિનેશન તરીકે પ્રમોટ કરવાના ભારતની યોજનાને સાકાર કરવાનો છે.

આ પ્રસંગે શ્રી સોનોવાલે જણાવ્યું કે મિશનનો હેતુ 2029 સુધીમાં ક્રુઝ પેસેન્જર ટ્રાફિકને બમણો કરીને દેશના ક્રુઝ પ્રવાસન ઉદ્યોગને આગળ ધપાવવાનો છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે સરકાર ભારતની બ્લુ ઈકોનોમીની પ્રચંડ ક્ષમતાનો ઉપયોગ કરવા માટે પ્રતિબદ્ધ છે.

## DEVMANI SIR RETIREMENT

કેન્દ્ર સરકારના માહિતી અને પ્રસારણ મંત્રાલયની ભારતીય માહિતી સેવાની વર્ષ 1997ની બેચના વરિષ્ઠ અધિકારી અને આકાશવાણી, અમદાવાદના પ્રાદેશિક સમાચાર વિભાગના વડા તેમજ નાયબ નિયામક ભરત દેવમણિ આજે સેવા નિવૃત્ત થઈ રહ્યા છે. શ્રી દેવમણિએ ભારત સરકારના માહિતી અને પ્રસારણ મંત્રાલયના વિવિધ વિભાગો જેવા કે, પ્રેસ ઇન્ફોર્મેશન બ્યુરો-PIB, DAVP, DFP,

યોજના, CBC, દૂરદર્શન વગેરેમાં વિવિધ હોદ્દાઓ પર ફરજ બજાવી હતી. આકાશવાણી સમાચાર વિભાગ તેમને સ્વસ્થ નિવૃત્ત જીવનની શુભકામના પાઠવે છે.

## KASHMIR ELECTION

જમ્મુ કાશ્મીર વિધાનસભાની બે તબક્કાની સફળ ચૂંટણી બાદ આવતી કાલે ત્રીજા અને અંતિમ તબક્કાનું મતદાન યોજાશે. અમારા શ્રીનગરના પ્રતિનિધિ જણાવે છે કે, 40 બેઠકો માટે 39 લાખ 18 હજારથી વધુ મતદારો મતાધિકારનો ઉપયોગ કરશે. તેમાંથી એક લાખ 94 હજાર યુવાનો છે. આ તબક્કામાં 415 ઉમેદવારોનું ભાવિ નક્કી થશે. કાશ્મીર ડિવિઝનમાં બારામુલ્લા, કુપવાડા અને બાંદીપોરા તથા જમ્મુ ડિવિઝનમાં જમ્મુ, ઉધમપુર, કથુઆ અને સાંબા જિલ્લામાં યોજાનારી ચૂંટણી માટે પાંચ હજાર 60 મતદાન મથકો સ્થાપવામાં આવ્યા છે. કેન્દ્રશાસિત પ્રદેશમાં મુક્ત અને ન્યાયી ચૂંટણી થાય તે માટે તમામ જરૂરી તૈયારીઓ અને વ્યવસ્થા કરવામાં આવી છે.

પ્રથમ બે તબક્કામાં 18 અને 25 સપ્ટેમ્બરે અનુક્રમે 61 અને 57 ટકા મતદાન થયું હતું. તમામ તબક્કાની મત ગણતરી 8 ઓક્ટોબરે થશે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરી શકો છો...

## HARYANA CAMPAIGNING

હરિયાણામાં 5 ઓક્ટોબરે એક તબક્કામાં યોજાનારી વિધાનસભા ચૂંટણી માટે પ્રચાર વેગ પકડી રહ્યો છે.

હરિયાણામાં, કોંગ્રેસના સ્ટાર કેમ્પેઇનર અને વરિષ્ઠ નેતા રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધીએ આજે અંબાલામાં નારાયણગઢ ખાતે જાહેર સભાને સંબોધી હતી. શ્રી ગાંધીએ જણાવ્યું કે, હરિયાણામાં ભારતીય જનતા પાર્ટી અને કોંગ્રેસ વચ્ચે સ્પર્ધા છે. આ પ્રસંગે કોંગ્રેસના વરિષ્ઠ નેતા વેણુગોપાલ, ભુતપુર્વ મુખ્યમંત્રી ભુપેન્દ્રસિંહ હુડા ઉપસ્થિત રહ્યા હતા. જાહેર સભાને સંબોધતા પ્રિયંકા ગાંધીએ ભારતીય જનતા પાર્ટી પર બંધારણને બદલવાનો આરોપ મૂક્યો હતો.

રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધીએ નારાયણગઢથી કુરુક્ષેત્ર સુધીની વિજય સંકલ્પ યાત્રા પણ કાઢી હતી.

ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે ભવાની ખેરા વિધાનસભા ક્ષેત્રમાં જાહેર સભાને સંબોધી હતી.

## TRAI-RADIO

ભારતીય ટેલિકોમ નિયમનકારી સત્તામંડળ- TRAI એ ખાનગી રેડિયો પ્રસારકો માટે ‘ડિજિટલ રેડિયો બ્રોડકાસ્ટ નીતિ ઘડતર’ અંગેનું કન્સલ્ટેશન પેપર જારી કર્યું છે. ટ્રાઇએ ખાનગી રેડિયો પ્રસારકો માટેની ડિજિટલ રેડિયો પ્રસારણ નીતિ ઘડવા વિવિધ મુદ્દે હિતધારકોની ટિપ્પણી મેળવવા પ્રક્રિયા શરૂ કરી છે. હિતધારકો 28 ઓક્ટોબર સુધીમાં કન્સલ્ટેશન પેપર અંગે પોતાના સૂચનો રજૂ કરી શકે છે. 11 નવેમ્બર સુધીમાં પ્રતિ ટિપ્પણી રજૂ કરી શકાશે.

આકાશવાણીએ તેનાં એનેલોગ મિડીયમ વેવ અને શોર્ટ વેવ રેડિયો બ્રોડકાસ્ટ નેટવર્કના ડિજિટાઇઝેશની પ્રક્રિયા શરૂ કરી છે અને તેનાં વર્તમાન 38 એનેલોગ ટ્રાન્સમીટર્સને ડિજિટલ ટ્રાન્સમીટર્સમાં પરિવર્તિત કર્યા છે. તેણે એફએમ બેન્ડમાં પણ ડિજિટલ રેડિયો ટેકનોલોજી માટેનાં પરિક્ષણ કર્યા છે. ડિજિટિલ રેડિયો પ્રસારણ એનેલોગ રેડિયો પ્રસારણની સરખામણીમાં ચડીયાતું હોય છે.

## MITHUN-DADASAHEB PHALKE AWARD

સુપ્રસિધ્ધ અભિનેતા મિથુન ચક્રવર્તીની દાદાસાહેબ ફાળકે પુરસ્કાર માટે પસંદગી કરવામાં આવી છે. આવતા મહિને યોજાનાર 70મા રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર સમારોહમાં શ્રી ચક્રવર્તીને આ પુરસ્કાર એનાયત કરવામાં આવશે. સોશિયલ મિડીયા પોસ્ટમાં આ અંગેની જાહેરાત કરતા માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું કે, કોલકતાની શેરીઓથી શરૂ કરીને સિનેમાનાં સર્વોચ્ચ શિખરે પહોંચનાર મિથુનદાની સિનેયાત્રાએ અનેક પેઢીઓને પ્રેરણા આપી છે. તેમણે જણાવ્યું કે, ભારતીય સિનેમામાં અપ્રતિમ પ્રદાન બદલ શ્રી ચક્રવર્તીને ભારતીય સિનેમાનો સર્વોચ્ચ પુરસ્કાર અર્પણ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. શ્રી ચક્રવર્તીએ પુરસ્કાર મેળવવા બદલ ખુશી વ્યક્ત કરી હતી.

(Byte Mithun Chakraborty)

## MUMBAI-JADHAV

આયુષ મંત્રાલયના કેન્દ્રીય રાજ્ય મંત્રી પ્રતાપરાવ જાધવે કહ્યું છે કે ભારતનું આરોગ્ય પ્રવાસન માત્ર શારીરિક સ્વાસ્થ્ય પર જ ધ્યાન કેન્દ્રિત કરતું નથી પરંતુ તે માનસિક અને આધ્યાત્મિક સુખાકારીને પણ સમાવી લે છે. આજે મુંબઈમાં 'આયુષ મેડિકલ વેલ્યુ ટ્રાવેલ સમિટ'નું ઉદ્ઘાટન કરતા શ્રી જાધવે ભારપૂર્વક જણાવ્યું હતું કે આયુષ પદ્ધતિઓ અને પરંપરાગત ઉપચાર સામૂહિક રીતે સર્વગ્રાહી આરોગ્ય સેવાઓનો માપદંડ સ્થાપિત કરે છે, જે વૈશ્વિક આરોગ્ય પ્રવાસન ક્ષેત્રે ભારતને અનોખું સ્થાન આપે છે. તેમણે નોંધ્યું હતું કે હજારો વિદેશી મુલાકાતીઓ દર વર્ષે આયુર્વેદિક સારવાર માટે ભારતમાં આવે છે, જે છેલ્લાં એક દાયકામાં આયુષ સારવાર પદ્ધતિઓની વધતી માંગ સૂચવે છે. આયુષ મંત્રાલય દ્વારા મહારાષ્ટ્ર સરકારના સહયોગથી 'આયુષ મેડિકલ વેલ્યુ ટ્રાવેલ સમિટ'નું આયોજન કરવામાં આવ્યું છે.

## REVSIE CRICKET BANGLADESH TEST

કાનપુરના ગ્રીન પાર્ક સ્ટેડિયમ ખાતે રમાઇ રહેલી બીજી ટેસ્ટનાં ચોથા દિવસે બાંગલાદેશે ભારત સામે તેની બીજી ઇનિંગમાં રમતના અંતે બે વિકેટે 26 રન બનાવ્યા હતા. બંને વિકેટો અશ્વિને લીધી હતી. ભારતે 52 રનની લીડ લઈને 9 વિકેટે 285 રને પ્રથમ દાવ ડિકલેર કરીને 52 રનની સરસાઇ મેળવી હતી. ભારત સામે ત્રણ વિકેટે 107 રનથી ઇનિંગ પુનઃ શરૂ કર્યા બાદ બાંગ્લાદેશ 233 રનમાં ઓલઆઉટ થઈ ગયું હતું. ભારત તરફથી બુમરાહે ત્રણ જ્યારે સિરાજ, અશ્વિન અને આકાશ દીપે બે-બે વિકેટ ઝડપી હતી. બાંગ્લાદેશ તરફથી મોમિનુલ હકે સૌથી વધુ 107 રન બનાવ્યા હતા.

ગઈકાલે ભીના આઉટફિલ્ડને કારણે એક પણ બોલ ફેંક્યા વિના ત્રીજા દિવસને રદ કરવામાં આવ્યો હતો. જ્યારે બીજા દિવસની રમત ધોધમાર વરસાદને કારણે રદ કરવામાં આવી હતી.

ભારતના દિગ્ગજ બેટ્સમેન વિરાટ કોહલીએ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં 27 હજાર રન પૂર્ણ કર્યા છે. આ વિક્રમ સર્જનાર તેઓ વિશ્વનાં ચોથા બેટ્સમેન બન્યા છે. આંતરરાષ્ટ્રીય ક્રિકેટના તમામ સ્વરૂપમાં 27 હજાર રન કરનાર તેઓ સચીન તેંડુલકર બાદ બીજા ખેલાડી બન્યા છે. કોહલીએ ટેસ્ટમાં 8 હજાર 870, વનડેમાં 13 હજાર 906 અને ટી-20 મેચમાં 4 હજાર 188 રન કર્યા છે. આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં સૌથી વધુ રન તેંડુલકરનાં નામે છે, તેમણે 34 હજાર 357 રન કર્યા છે. બીજા ક્રમે શ્રીલંકાના કુમાર સંગકારા અને ત્રીજા ક્રમે ઓસ્ટ્રેલિયાના રિકી પોન્ટીંગ છે.